# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/290 Dt. 09/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ધર્મ એટલે વ્યક્તિગત આચરણને નિયંત્રિત કરતો કાયદો: શ્રી ભદ્રાયુ વચ્છરાજાની

### ચેમ્બર દ્વારા 'જીવન ગણિત' શ્રેણી અંતર્ગત 'ધર્મનું ગણિત' વિષય પર વિશેષ વ્યાખ્યાન

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત અને અત્યંત લોકપ્રિય બની રહેલી અનોખી વિચારશ્રેણી **'જીવન ગણિત'** અંતર્ગત પાંચમા દિવસે શુક્રવાર, તા. 9 જાન્યુઆરીના રોજ સાંજે 5:00 કલાકે સમૃદ્ધિ ખાતે જાણીતા ચિંતક, લેખક અને શિક્ષણવિદ **શ્રી ભદ્રાયુ વચ્છરાજાની**એ ધર્મનું ગણિત સમજાવ્યું હતું.

શ્રી ભદ્રાયુ વચ્છરાજાનીએ મનુસ્મૃતિ, ચાણક્યનીતિ અને ગીતાના શ્લોકોને ટાંકીને જણાવ્યું હતું કે, શાસ્ત્રોનું વર્તમાન સમયના સંદર્ભમાં અર્થઘટન કરવું જરૂરી છે. તેમણે ઉમેર્યું કે, "આપણી સમજ પરિપક્વ થાય પછી જ શાસ્ત્રો વાંચવા જોઈએ. મનુસ્મૃતિમાં દર્શાવેલા ધર્મના ૧૦ લક્ષણો - જેમાં ધીરજ, ક્ષમા, સંયમ, ચોરી ન કરવી, સત્ય અને અક્રોધી હોવાનો સમાવેશ થાય છે - તેને આત્મસાત્ કરવા એ જ સાચું ગણિત છે.".

તેમણે કહ્યું કે આપણે જ્યાં હોઈએ ત્યાં હોતા નથી. હવે મુંબઈમાં વેલે પાર્કિંગની જેમ મોબાઈલ વેલે શરૂ થયું છે, પ્રોગામમાં મોબાઈલ બહાર આપીને જવાનું. આપણે જો હક અને ફરજનો તફાવત સમજીએ તો ધર્મનું ગણિત સમજાઈ જાય. હિંદુની વ્યાખ્યા સમજાવતા તેમણે કહ્યું કે અન્યની હિંસાથી જે દુભાય છે એ હિંદુ છે. કોઇને ખલેલ પહોંચાડ્યા વિના જીવ્યા કરો એ જ ધર્મ. ધર્મ એટલે વ્યક્તિગત આચરણને નિયંત્રિત કરતો કાયદો. ઉદાહરણો દ્વારા

તેમણે સમજાવ્યું કે યુરોપના લોકો નૈતિક છે પણ ધાર્મિક નથી, આપણે ધાર્મિક છીએ પણ નૈતિક નથી. ધર્મને રસ્તા પર લાવવાથી-ચડસાચડસી કરવાથી ખાનાખરાબી થાય છે.

વર્તમાન પરિસ્થિતિ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે આપણે સંપ્રદાયને ધર્મ બનાવી દીધો છે અને ઝઘડાઓ બધા સંપ્રદાય કરાવે છે, સંપ્રદાયને સાચવનારા ધર્મ કે ઈશ્વર કરતા એના પ્રતીકોને સાચવવાનું કામ કરે છે. જગત આખું એકબીજાને ડિસ્ટર્બ કરવા પર છે, કોઇ કોઇના દેશમાં ઘૂસીને ઉપાડી જાય છે ત્યારે વિનોબાજીએ આપેલો જય જગતનો નારો આજે પ્રસ્તુત છે.

તેમણે ઉદાહરણો દ્વારા સમજાવતા સ્પષ્ટ કર્યું કે ગીતા શિક્ષણ અંગેની કમિટીમાં હું હતો છતાં મારું માનવું છે કે ક્લાસરૂમમાં ગીતા ન ભણાવવી જોઇએ. ગીતા મોંઢે કરવાથી સંસ્કાર આવશે એ માનવું ભૂલભરેલું છે. ધાર્મિકતા એ અતિક્રમણનો વિષય નથી. તમારી જાતમાં તમને સંક્રમિત કરવાનો વિષય છે.

ધર્મ અને આધ્યાત્મ વિશે તફાવત સ્પષ્ટ કરતા તેમણે કહ્યું કે આધ્યાત્મિકતા એ છે કે તમે શું સિદ્ધ કર્યું છે એ બોલવાનું પણ ભૂલી જાવ એ આધ્યાત્મિકતા છે. 'હું'નો ઈલાજ કરે એ ધર્મ છે. ભગવદ્ ગીતાનો સાર બે શબ્દોમાં નીકળે છે- સર્વધર્મ આચરણ, સર્વઈશ્વરાર્પણ. આ બે શબ્દો સમજીએ તો ધર્મનું ગણિત પાક્કું.

ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને કાર્યક્રમ અધ્યક્ષ શ્રી રૂપિન પચ્ચીગરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલા અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને ધર્મ અંગે શ્રી ભદ્રાયુ સાથે રસપ્રદ ગોષ્ઠિ કરી હતી.